©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 14th NOVEMBER, 2025/KARTIKA 23, 1947 [No. 7614

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચન

નગર રચના યોજના નં. ૦૮ (સરગાસણ) (પ્રથમ ફેરફાર) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

ક્રમાંક : ગાં.મ.ન.પા./ટા પ્લા./૨૪૧૦૫/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે, અંતિમ નગર રચના યોજના નં. ૦૮ (સરગાસણ) ના અંતિમખંડ નં. ૪૮ (પ્લે ગ્રાઉન્ડ) તથા ૪૯(શાળા) નો હેતુ "સામાજિક માળખાકિય સુવિધા" સુચવી સદરહું નગર રચના યોજનામાં પ્રથમ વખતના ફેરફારનો મુસદ્દો ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૭૦(ક) ની જોગવાઈઓને આધીન સદર અધિનિયમની કલમ ૭૨(ક) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ સમગ્ર બાબતે ગાંધીનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ સમિતિ તથા સામાન્ય સભાએ આપેલ મંજૂરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ સમિતિના ઠરાવ નં.૧૭, તા. ૨૯-૦૭-૨૦૨૫

"અંતિમ નગર રચના યોજના નં. ૮(સરગાસણ)ના અંતિમ ખંડ નં. આર-૪૯ અને આર-૪૮ પ્લોટવાળી જમીનનો ઉપયોગ હેતુ "સામાજિક માળખાકીય સુવિધા" માટે કરવા અંતિમ નગર રચના યોજનામાં કલમ-૭૦(ક) તળે ફેરફાર કરવા અંગે કમિશ્નરશ્રી તરફથી આવેલ ભલામણને મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે."

સામાન્ય સભાના ઠરાવ નં.૨૧૬, તા. ૧૦-૧૦-૨૦૨૫

"અંતિમ નગર રચના યોજના નં. ૮(સરગાસણ)ના અંતિમ ખંડ નં. આર-૪૯ અને આર-૪૮ પ્લોટવાળી જમીનનો ઉપયોગ હેતુ "સામાજિક માળખાકીય સુવિધા" માટે કરવા અંતિમ નગર રચના યોજનામાં કલમ-૭૦(ક) તળે ફેરફાર કરવા અંગે ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ સમિતિના ઠરાવ અંક- ૧૭. તા. ૨૯-૦૭-૨૦૨૫ થી મંજુર થયેલ ઠરાવને સામાન્ય સભા દ્વારા મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે."

સદરહું પ્રથમ વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર નગર રચના યોજનાનો પ્રથમ ફેરફારનો મુસદ્દો રાજ્ય સરકારના રાજ્યપત્ર(ગેઝેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) મહિનાની અંદર યોજનાથી જેમને કોઈ પણ અસર થઈ હોઈ તો તેવા શખ્સો સદર યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમયમર્યાદામાં મોકલી આપશે તો ગાંધીનગર મહાનગરપાલિકા સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે, તેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક : ગાં.મ.ન.પા./ ટા.પ્લા./૦૮(સરગાસણ)/૨૪૧૦૫/૨૦૨૫

તારીખ : ૦૮-૧૧-૨૦૨૫

(જે. એન. વાઘેલા, IAS)
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

સરનામું :
ગાંધીનગર મહાનગરપાલિકા,
ટાઉન પ્લાનિંગ વિભાગ
પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન,
ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર-૧૭,
ગાંધીનગર- ૩૮૨૦૧૬.
ફોન નં. ૦૭૯-૨૩૨-૮૪૧૫૦, ફેક્સ નં. ૦૭૦-૨૩૨-૨૧૪૧૯

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.14 17:55:29 IST